# હરિઆ ગ્લોબલ સ્કૂલ ઉદઘાટન સમારોહ

શ્રીમતી મધુ મહેતા




ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હરિઆ ગ્લોબલ સ્કૂલ (CBSE- સુચિત) ના નવનિર્મિત સ્કૂલ બિલ્ડિંગનું આજરોજ તા. 17/04/2018 ના ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો.

શિક્ષણક્ષેત્રે પ્લેહાઉસ થી પોસ્ટગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ ઉપલબ્ધ કરાવતું ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ શિક્ષણજગતમાં લબ્ધ પ્રતિષ્ઠિત છે. આણંદાબાવાના મહંતશ્રી દેવીપ્રસાદજી મહારાજના વરદ હસ્તે અત્યાધુનિક, સંપુર્ણ સુવિધાયુક્ત સ્કૂલ બિલ્ડિંગ ના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ યોજાય ગયો.

ભગવાનજી કચરા એજ્યુકેશન કોમ્પલેક્ષ પરિસરમાં સ્થિત હરિઆ ગ્લોબલ સ્કૂલના ઉદઘાટન પ્રસંગે શહેરના પ્રતિષ્ઠિત વ્યકિતઓ ઉપસ્થિત રહયા હતા. સ્ટેજ પર મહંતશ્રી દેવીપ્રસાદજી મહારાજ, ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન શ્રી કાંતિભાઈ હરિઆ, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રમણીકલાલ કે. શાહ ઓનરરી સેક્રેટરી શ્રી ચંદુભાઈ આર. શાહ, ધારાસભ્ય શ્રી વિક્રમભાઈ માડમ,ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ ધારવિયા, મેયર શ્રીમતી પ્રતિભાબેન કનખરા, ટ્રસ્ટીશ્રીઓ કેશવજીભાઈ ગોસરાણી, શ્રી જયંતિભાઈ હરિઆ, શ્રી ભરતેશ શાહ, શ્રી શાંતિલાલ નાગડા, શ્રીમતી અલકાબેન મારુ અને રાજકોટથી પધારેલ શ્રી નિદત બારોટ (પ્રિન્સીપાલ બી. એડ. કોલેજ) બિરાજમાન હતા. આ પ્રસંગે સ્કૂલ કમિટિ મેમ્બર્સ શ્રી હર્ષવદનભાઈ ગોસરાણી, શ્રી કેતન શાહ, શ્રી પ્રફૂલ્લભાઈ છેડા, શ્રી રસિકભાઈ શાહ, શ્રીમતી ગીતાબેન છેડા, શ્રીમતી કલાબેન શાહ, ડૉ. કલ્પનાબેન ખંઢેરીયા અને શ્રી દિનેશભાઈ કટારીયા ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમ ની શરૂઆત મહંત શ્રી દેવીપ્રસાદજી મહારાજ ના વરદ હસ્તે સ્કૂલ બિલ્ડીંગના ઉદઘાટન પ્રસંગે લાલ રિબિન કટ



કરીને કરવામાં આવી હતી. હરિઆ ગ્લોબલ સ્કૂલના વિદ્યાર્થીઓએ સુંદર પ્રાર્થનાગીત રજૂ કર્યુ હતું. સ્વાગત પ્રવચન શ્રી કાંતિભાઈ હરિઆ દ્વારા કરવામાં આવ્યું હતું. મહંતશ્રી દેવીપ્રસાદજી મહારાજનું બહુમાન શ્રી કાંતિભાઈ હરિઆ અને શ્રીમતી કમલાબેન હરિઆ દ્વારા શાલ ઓઢાડી અને પુસ્તક અર્પણ કરીને કરવામાં આવ્યું હતું. શ્રી રમણીકભાઈ શાહ અને શ્રીમતી લીલાવંતીબેન શાહ દ્વારા શ્રી વિક્રમભાઈ માડમનું શાલ ઓઢાડી, પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી કેશવજીભાઈ ગોસરાણી અને શ્રી શાંતિભાઈ નાગડા દ્વારા ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ ધારવિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી જેન્તીભાઈ હરિઆ અને તેઓના ધર્મપત્ની શ્રીના હસ્તે મેયર શ્રી પ્રતિભાબેન કનખરાનું બહુમાન કરાયું હતું.




ઉદ્‌ઘાટન સમયે પોતાના મનનીય પ્રવચનમાં શ્રી રમણીકભાઈ શાહે જણાવ્યું હતું કે શિક્ષણ ના ક્ષેત્ર માં કરેલું દાન ઉગી નીકળે છે. બાજરાનો એક દાણો વાવવાથી જેમ હજારો દાણાઓનું વળતર મળે છે તેવી જ રીતે શિક્ષણયજ્ઞમાં દાન આપનાર દાતાઓ નુતન પેઢીના નવનિર્માણમાં સહભાગી બને છે અને રાષ્ટ્ર ની ધરોહર સંભાળે છે.



ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ ધારવિયાએ પોતાના પ્રવચનમાં મહાજનોના વિશેષ યોગદાનને બિરદાવ્યું હતું તો શહેરના પ્રથમ નાગરિક શ્રીમતી પ્રતિભાબેન કનખરાએ દીકરીને શિક્ષિત બનાવવા અપીલ કરી હતી. તેઓશ્રીએ જણાવ્યું કે સંતાન દીકરો હોય કે દીકરી, શિક્ષણ અપાવવું ખુબજ જરૂરી છે. કેમકે શિક્ષણ દ્વારા બાળકોમાં સંસ્કાર નિર્માણનું કાર્ય થાય છે અને દીકરી તો ત્રણ કુળ ની તારણહાર છે.



મહંતશ્રી દેવીપ્રસાદજીએ આર્શીવચનની વર્ષા કરતા કહયું હતું કે સતકર્મો જે કરે છે અને સારા કર્મોના નિર્માણમાં જે ભાગીદાર બને છે તેને ભગવાન પાસે કાંઈ માંગવું પડતું નથી.

continue on page